ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૮ ટકા ● સાંજે ૨૪ ટકા

**ગાંધીનગર તાપમાન**

# આમ આદમી પાર્ટીએ વધુ ૨૦ ઉમેદવારો જાહેર કર્યા

**મનપાના ૧૧વોર્ડની કુલ ૪૪ બેઠકો પૈકી આપ પાર્ટીની ૪૩ બેઠકો પર પડકાર : વોર્ડ નં.૨માં એક જ મહિલા ઉમેદવાર : ટૂંક સમયમાં પાર્ટી ચૂંટણી ઢંઢેરા સમાન ‘ગેરન્ટી કાર્ડ’ જાહેર કરશે**





ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટણી જંગમાં પ્રથમવાર ઝંપલાવનાર આમ આદમી પાર્ટીએ આજે ઉમેદવારી ફોર્મ ભરવાના આખરી દિવસે બીજા ૨૦ ઉમેદવારો નામ જાહેર કર્યા હતા. આપ દ્વારા અગાઉ ૨૩ ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા હતા તથા આજે વધુ ૨૦ ઉમેદવારો જાહેર કરાતાં કુલ ૪૩ ઉમેદવારો સાથે પાર્ટીએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે. વોર્ડ નં.૨માં પાર્ટી દ્વારા માત્ર ત્રણ જ ઉમેદવાર જાહેર કરવામાં આવતા કુલ ૪૪ બેઠકો પર હવે આપના ૪ ઉમેદવારો ભાજપ-કોંગ્રેસને પડકાર ફેંકશે. પાર્ટીએ આજે ગેરંટી કાર્ડ જાહેર કરવાનું ટાળ્યું હતું જે જલ્દીથી જાહેર કરાશે.

સુરત મહાનગરપાલિકામાં ધમાકેદાર પ્રારંભથી વધુ આત્મવિશ્વાસુ બનેલી આપ પાર્ટી દ્વારા અગાઉ પહેલી યાદી જાહેર કરતી વખતે પાર્ટી મનપાના તમામ વોર્ડની દરેક બેઠક પર તેના ઉમેદવાર ઉતારશે તેવી જાહેરાત કરી હતી તે જોતા આજે આપ પાર્ટી બાકીના ૨૧ ઉમેદવારો જાહેર કરશે તેવી ધારણા હતી પરંતુ કોઈ અગમ્ય કારણોસર વોર્ડ નં.૨માં બે મહિલા ઉમેદવારોની જગ્યાએ માત્ર એક જ મહિલા ઉમેદવાર જાહેર થયા હતા. ઉમેદવારોના નામની યાદી સાથે આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓ માટે ચુંટણી ઢંઢેરા સમાન ‘ગેરન્ટી કાર્ડ’ જાહેર કરવામાં આવશે તેવું જણાવ્યું હતું પરંતુ તે પણ કોઈ કારણોસર મુલત્વી રાખીને હાલ પુરતું ટાળી દેવાયું છે. આપ પાર્ટી દ્વારા ‘ગેરન્ટી કાર્ડ’માં શહેરના વહીવટ અને વિકાસ માટે કેટલાંક નિર્ધાર જાહેર કરવામાં આવશે જેને પાર્ટી જો બહુમતી હાંસલ કરીને સત્તામાં આવશે તો પુરા કરવાની ગેરન્ટી આપે છે જેથી તેને ગેરન્ટી કાર્ડ તરીકે જાહેર કરવામાં આવશે. આજે જાહેર કરવામાં આવેલા ઉમેદવારોમાં વાવોલના સરપંચ નગીનભાઈ નાડીયા, ગોકુલપુરાની સમસ્યાઓ ઉજાગર કરવા માટે જાણીતા બનેલા યુવા મહિલા સામાજિક કાર્યકર ભૂમિબેન રબારી સહીતના ઘણા બધા આશ્ચર્યજનક નામોનો સમાવેશ થાય છે.

### આપ પાર્ટીના જાહેર કરાયેલા ઉમેદવારો

| વોર્ડ નં. | ઉમેદવાર |
|---|---|
| ૧ | કલ્પનાબેન રાજકુમાર આનંદ |
| ૧ | હિતેશ ચૌધરી |
| ૧ | વિજય વાઘેલા |
| ૨ | પ્રિતીબેન શર્મા |
| ૨ | પૃથ્વીસિંહ વાઘેલા |
| ૨ | જય વાઘેલા |
| ૩ | પ્રેક્ષા રાવલ |
| ૩ | ઉર્મિલાબેન મકવાણા |
| ૪ | લાલજીભાઈ વણઝારા |
| ૫ | પાર્વતીબેન વડોદરિયા |
| ૫ | કુંપલબેન દવે |
| ૫ | નિકુંજભાઈ મેવાડાવાળા |
| ૫ | નિશિરાજભાઈ રામાવત |
| ૬ | ભૂમિબેન રબારી |
| ૬ | નગીનભાઈ નાડીયા |
| ૭ | જયાબેન પંડયા |
| ૭ | મીતભાઈ પટેલ |
| ૭ | દશરથભાઈ ઠાકોર |
| ૮ | રંજનબેન પટેલ |
| ૧૧ | કિશોરજી ઠાકોર |



ઉનાળાની સીધી અસર શાકભાજીની આવક પર જોવા મળી રહી છે. શાકભાજીની આવકોમાં ધરખમ ઘટાડો જોવા મળી રહ્યો છે. આવકો ઓછી થતાં તેની સીધી અસર ભાવો પર પડી રહી છે. દુધી, ગવાર, ભીંડા, ગલકા જેવા સાવ સામાન્ય કહી શકાય એવા શાકભાજીના ભાવો ૬૦ રૂપિયે કિલો સુધી પહોંચ્યા છે.

# અડાલજ નજીક પ્રેમીએ પ્રેમીકાનુ ગળુ દબાવી મૃતદેહ તળાવમાં ફેંકી દીધો

ગાંધીનગર, તા.૧

અમદાવાદના ચાંદલોડીયા વિસ્તારમાં અર્જુન આર્ટ જવેલર્સ નામની ફેકટરીમાં ૨૩ વર્ષિય પ્રવિણ મગનભાઈ મારવાડી (મુળ રહે. ગામ-વંડચી શિરોહી રાજસ્થાન)કામ કરે છે. ત્યારે ચાંદલોડીયા વિસ્તારમાં એક સગીરા પરિવાર સાથે રહેતી હતી. પિતા મજુરી કામ કરીને ત્રણ દિકરીઓ અને એક દિકરાનું ગુજરાન ચલાવે છે. ત્યારે બુધવારના રોજ સવારે કામઅર્થે ગયેલા પિતા સાંજે ઘરે પરત ફર્યા હતા. તે સમયે મોટી દિકરીએ નાની બહેન બપોરથી ઘરે આવી ન હોવાનું જણાવ્યું હતું. બહેનપણીના ઘરે જવાનું કહીને નીકળેલી દિકરીના મોબાઈલ પર પિતાએ ફોન કરતા માત્ર રીંગ વાગતી હતી. પરંતુ ફોન તે ઉપાડતી ન હતી. પરિવારના સભ્યોએ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી રહ્યા હતા તે દરમિયન રાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં અડાલજ પોલીસ મથકથી ફોન આવ્યો હતો. જેથી પરિવારના સભ્યો અડાલજ પોલીસ મથક આવી પહોંચ્યા હતા. ત્યારે પોલીસ મથકે પ્રવિણ મારવાડી હાજર હતો. જેણે



સગીરાની હત્યા કરી તળાવમાં ફેંકી હોવાનું કબુલાત કરી હતી. જેથી પોલીસે ફાયર વિભાગની મદદ લઈ તળાવમાંથી મૃતદેહ બહાર નીકાળીને યુવક સામે ગુનો નોંધ્યો હતો. આરોપીની કેફીયત મુજબ તેના અને સગીરા વચ્ચે દોઢ વર્ષથી પ્રેમ સંબંધ હતો. જો કે સગીરાને અન્ય સાથે સંબંધ હોવાની શંકાએ બંન્ને વચ્ચે બ્રેકઅપ થઈ ગયું હતું. બે માસ સુધી અબોલા રહ્યા પછી બુધવારે બંન્ને અડાલજ ડાહોર તળાવ પાસે મળ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર તે સમયે યુવકે સગીરા સાથે ઝઘડો કર્યો હતો. જેમાં ગુસ્સે થઈને તેને સગીરાનું ગળુ દબાવી દીધુ હતું. જેમાં સગીરા બેભાન થઈ કે મૃત્યુ પામી તે યુવકને ખબર ન હતી. પરંતુ તેને પાસે રહેલા તળાવમાં તેને ધક્કો મારી દીધો હતો. સાંજે ચાર વાગે હત્યા કરી ત્યાં બેસી રહીને યુવકે રાત્રે સાડા નવ વાગે તે પોલીસ મથકે પહોંચ્યો હતો. યુવકે હત્યાની કેફીયતને પગલે અડાલજ પીઆઈ જે.એચ.સિંઘવ તાત્કાલીક યુવકને સાથે રાખીને તળાવ ખાતે તપાસ કરાવી હતી. જેમાં સગારીના ચપ્પલ તરતા મળી આવ્યા હતા. જો કે રાત્રીના સમયે મૃતદેહ મળી ન આવતા પોલીસે ગુરુવારના રોજ સવારના સમયે ફાયર ટીમની મદદ લઈ સગીરાના મૃતદેહને બહાર નીકાળ્યો હતો. બનાવ અંગે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## જન્મદિને વધામણી



**મમતા રાવલ**
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



**ચંદ્રિકાબેન કિરણકુમાર પરમાર**
મો. ૯૮૯૮૧ ૩૪૬૩૨



**પ્રજાપતિ રસીલાબેન એમ.**
મો. ૯૮૨૪૫ ૬૮૪૧૮

# એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ ખાતે પેપર બેગ બનાવવાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧

શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, સેકટર-૨૩ ગાંધીનગર ધોરણ-૨ની વિદ્યાર્થીની બહેનોએ પેપર બેગ બનાવવાની પ્રવૃત્તિ કરી હતી. વિદ્યાર્થીની બહેનોને પ્રોત્સાહિત કરવા અને સતત નવું કરવાની જિજ્ઞાસા વધારવા આ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. માર્ગદર્શક શિક્ષિકા ઉપાધ્યાય હિનલબેને માહિતી પુરી પાડી સુપરવાઈઝર સંગીતાબેને માર્ગદર્શન પુરું પાડયું હતું. આ પ્રવૃત્તિમાં ભાગ લેવા બદલ શાળાના આચાર્યા નીરૂબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.



# ઉમેદવારી ફોર્મ ભરતા પહેલા ચકલીઘરનું વિતરણ કર્યું



ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીના ઉમેદવારોમાં વોર્ડ નં.૫ના ભાજપના યુવા ઉમેદવાર પદમસિંહ ચૌહાણે અનોખો કિમીયો અજમાવ્યો હતો. તેમણે ઉમેદવારી ફોર્મ ભરવા જતા પહેલા પંચદેવ મંદિરે દર્શન કર્યા હતા ત્યારબાદ સેકટર-૨૨માં ‘હેપ્પી ચકલી ઘર’નું વિતરણ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે પદમસિંહ ચૌહામ પર્યાવરણ પ્રેમી યુવા અગ્રણી છે અને ચુંટણીમાં જીત મળશે તો પાટનગરમાં પર્યાવરણની જાળવણી સાથે શહેરને ફરી ગ્રીન સિટીનું બિરૂદ પરત અપાવવા કાર્યરત રહેવાનો નિર્ધાર પણ વ્યકત કર્યો હતો. હેપ્પી ચકલીઘર વિતરણમાં તેમની સાથે વોર્ડના અન્ય ભાજપી ઉમેદવારો પણ હોંશપૂર્વક જોડાયા હતા અને પદમસિંહની પહેલને આવકારી હતી.

## સરિતા ઉદ્યાનમાં ગંદકીથી મોર્નિંગ વોકર્સને પરેશાની

ગાંધીનગર, તા.૧

ઉનાળો જેમ જેમ પસાર થાય છે તેમ તેમ બાગ બગીચાઓમાં સીનીયર સીટીઝનો, મહિલાઓ તથા મોર્નિંગ વોકર્સ માટે યુવાનોની સંખ્યા વધતી જાય છે. જેમાં સરિતા ઉદ્યાનનો મોટી સંખ્યામાં લોકો ઉપયોગ કરી રહ્યા છે પરંતુ સરિતા ઉદ્યાનમાં નીલગાય, પશુઓની અસહ્ય ગંદકી રસ્તામાં તથા શૌચાલયની આજુબાજુમાં વધતી જાય છે જેની નિયમિત સફાઈ થતી નથી. પરિણામે આ ગંદકીની વાસથી લોકો ત્રાસી જાય છે. સફાઈ સત્તાવાળાઓને પણ સફાઈ અંગે રજુઆત કરવામાં આવી છે અને તે તરફ પુરતું ધ્યાન આપવામાં આવે તેવી રજુઆત પણ કરેલ છે તો સત્તાવાળાઓ તાત્કાલિક સરિતા ઉદ્યાનમાં સફાઈ કરે તેવી લોકલાગણી છે.

# એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશનમાં ઓન લાઈન ટી.એલ.એમ. માટેનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત એસ.એસ.પટેલ બી.એડ.કોલેજ સેકટર-૨૩ ગાંધીનગરના તાલીમાર્થીઓને ટીચીંગ એઈડ્સનો ખ્યાલ વધુ સ્પષ્ટ થાય તે હેતુથી કોલેજના એચ.ઓ.ડી. ડૉ. જિજ્ઞાશાબેન જોશીના માર્ગદર્શન હેઠળ ઓનલાઈન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.




તાલીમાર્થીઓને લેસન દરમિયાન વિવિધ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવાનો હોય છે તે માટે યોજાયેલા આ ઓન લાઈન વર્કશોપમાં વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, એકાઉન્ટ, કોમર્સ એમ વિવિધ વિષયો ના જુદા જુદા ટી.એલ.એમ. તાલીમાર્થીઓએ બનાવ્યા હતા અને પ્રેઝનટેશન પણ કર્યું હતું. દરેક અધ્યાપકોએ પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કોરોનાની વિકટ પરિસ્થિતિમાં ઓન લાઈન રેગ્યુલર ક્લાસ કોલેજ દ્વારા ચલાવવામાં આવે છે આ ઓન લાઈન ટીચીંગ એઈડ્સના વર્કશોપના એક્સપર્ટ તરીકે રાજુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ઠાકોર જકુબેન ઉદાજી** ઉ.વ. ૮૫, સે-૧૫, ફતેપુરા
- **સ્વ. પંડયા કૈલાશબેન ચેતનકુમાર** ઉ.વ. ૫૫, જીઈબી કોલોની
- **સ્વ. ગોલ તારાબેન પ્રવિણસિંહ** ઉ.વ. ૬૩, સેકટર-૨૭
- **સ્વ. ગાંધી મહેન્દ્રભાઈ જયંતિલાલ** ઉ.વ. ૭૭, કુડાસણ
- **સ્વ. દવે બાલકૃષ્ણ પ્રેમશંકર** ઉ.વ. ૮૯, ઉવારસદ
- **સ્વ. ઠાકોર રઈબેન શકરાજી** ઉ.વ. ૭૫, પ્રતાપનગર, માણસા
- **સ્વ. બ્રહ્મભટ્ટ સુધીરકુમાર બિપિનચંદ્ર** ઉ.વ. ૪૭, બાકરોલ, આણંદ
- **સ્વ. રબારી બાબુભાઈ હરિભાઈ** ઉ.વ. ૫૧, સે-૧૪, ગોકુલપુરા
- **સ્વ. પ્રજાપતિ મણિલાલ ખેમાભાઈ** ઉ.વ. ૭૫, વરસોડા, માણસા
- **સ્વ. રામી સુરજબેન સકરચંદ** ઉ.વ. ૮૩, પેથાપુર

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. પ્રજાપતિ ગૌરવભાઈ બોગારામ** ઉ.વ. ૫૩, સરગાસણ
- **સ્વ. પ્રજાપતિ સુરેશભાઈ જગાભાઈ** ઉ.વ. ૪૩, શેરથા
- **સ્વ. વાઘેલા અજીતસિંહ લક્ષ્મણજી** ઉ.વ. ૫૦, સરગાસણ

# શહેરને કોરોનામુકત કરવા ‘ચુપચાપ સત્યાગ્રહ’નું અભિયાન

**ફિજીયોથેરાપીસ્ટ તબીબો રાત્રે શહેરની ભીડભાડવાળી જગ્યાએ જઈ બેનરો દર્શાવી મુક સંદેશો પાઠવી રહ્યા છે : લોકો માસ્ક પહેરે અને દૂરી રાખે તે મુળ ઉદ્દેશ**

ગાંધીનગર, તા.૧

દેશભરમાં કોરોનાએ હાલ હાહાકાર મચાવ્યો છે. જાન્યુઆરીમાં કોરોનાના કેસ ઘટી જઈ એકી સંખ્યામાં આવી ગયા હતા પરંતુ હાલ દિન પ્રતિદિન કેસોમાં વધારો થઈ રહ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં વધી રહેલા કેસોથી ચિંતીત બનેલા સરગાસણ ટીપી-૯ વિસ્તારના ફિજીયોથેરાપીસ્ટ તબીબો અને અભ્યાસીકા મંડળના સંયુકત પ્રયાસથી ‘ચુપચાપ સત્યાગ્રહ’નું અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં આ તબીબો શહેરના વિવિધ વિસ્તારો કે જયાં લોકો વધુ પ્રમાણમાં એકઠા થાય છે ત્યાં બેનરો દર્શાવી મુક સંદેશો પાઠવી રહ્યા છે જેની વ્યાપક અસરો લોકોમાં જોવા મળી રહી છે.

‘કોરોના મુકત ગાંધીનગર નિરામય ગાંધીનગર’ના સુત્રને સાર્થક કરવા લોકોમાં માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સીંગ ઉભુ કરવા ફિજીયોથેરાપીસ્ટ




તબીબોએ ‘ચુપચાપ સત્યાગ્રહ’નું અભિયાન હાથ ધર્યું છે. શહેરના સરગાસણ ટીપી-૯માં આવેલા ડિવાઈન ફિજીયો હેલ્થકેર અને અભ્યાસીકા ફિજીયો હેલ્થકેરના ફિજીયોથેરાપીસ્ટ તબીબો ડૉ. સંકેત મહેતા, ડૉ. શ્વેતા મહેતા ડૉ. રિધ્ધી પટેલ અને રોનક પટેલ છેલ્લા ચાર દિવસથી આ અભિયાનના ભાગરૂપે શહેરના વવિધ વિસ્તારોમાં કે જયાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થાય છે ત્યાં બેનર તથા પોસ્ટર લઈ ઉભા રહે છે અને બોલ્યા વગર મુક સંદેશો પાઠવી લોકોને માસ્ક પહેરવા અને સામાજીક અંતર જાળવવા જણાવી રહ્યા છે. આ ‘ચુપચાપ સત્યાગ્રહ’ને લોકોએ આવકાર્યું છે અને તબીબો જે તે સ્થળે જાય છે ત્યાં આ બેનરનો સંદેશો જોઈ લોકો માસ્ક પહેરે છે અને સામાજીક અંતર જાળવે છે જેથી આ અભિયાનનો પ્રોત્સાહન મળતા દર અઠવાડીયે એક નવા જનજાગરણના સુત્ર સાથે આ સત્યાગ્રહ ચાલુ રાખવા અભિયાનના પ્રણેતા ડૉ. સંકેત મહેતાએ જણાવ્યું હતું.

# હેપ્પી યુથ કલબ આયોજિત ‘હેપ્પી સ્પેરો વીક’ને ઉમળકાભર્યો પ્રતિસાદ

**‘હેપ્પી સ્પેરો વિક’ દરમ્યાન શહેરમાં હેપ્પી ચકલી ઘરનું નિઃશુલ્ક વિતરણ કરાયું : અનેક સ્થળે પક્ષી પરબોનું સ્થાપન કરાયું**

ગાંધીનગર, તા.૧

હેપ્પી યુથ કલબ દ્વારા ગાંધીનગરમાં વિશ્વ ચકલી દિવસ નિમિત્તે તા. ૧૯ થી ૨૮ માર્ચ દરમ્યાન ‘હેપ્પી સ્પેરો વિક’ ની ઉજવણી કરવામાં આવી હતી. હેપ્પી સ્પેરો વીક દરમ્યાન ગાંધીનગર તથા કેટલાક અન્ય શહેરોમાં વિના મૂલ્યે આશરે પાંચ હજાર જેટલા ‘હેપ્પી ચકલી ઘર’નું વિતરણ કરવામાં આવ્યું હતું. હેપ્પી સ્પેરો વિક દરમ્યાન શહેરીજનો દ્વારા મળેલા ઉમળકાભર્યો પ્રતિસાદ સાંપડ્યો હતો. આ ઉપરાંત શહેરમાં વિવિધ સ્થળે પક્ષીઓ માટે પાણી મળી રહે તે હેતુથી માટીની કુંડાની પક્ષી પરબોનું સ્થાપન કરવામાં આવ્યું હતું.

એક તરફ દિન પ્રતિદિન ગરમીનો પારો વધતો જાય છે અને બીજી તરફ હરિયાળીનું નિકંદન નીકળતું જાય છે, વળી, વિવિધ કારણોસર ચકલી તથા તેના જેવા નાનાં કદના પક્ષીઓની પ્રજાતિઓ પર પ્રદૂષણની ગંભીર અસરો જોવા મળે છે અને ઘણી બધી પ્રજાતિઓ લુપ્ત થવા તરફ ધસી રહી છે. આ



સંજોગોમાં આ પક્ષીઓને બચાવવા અને તેમનું સંવર્ધન કરવા અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી ગાંધીનગરની હેપ્પી યુથ કલબ દ્વારા વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ‘હેપ્પી સ્પેરો વીક’નું આયોજન કરવામાં આવ્યુંહતું. ‘હેપ્પી સ્પેરો વિક’ની ઉજવણીના ભાગ રૂપે આ સપ્તાહ દરમ્યાન પાંચ હજાર જેટલા ‘હેપ્પી ચકલી ઘર’નું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં સેક્ટર-૧૨માં બલરામ મંદિરે, સેક્ટર – ૧૬માં પાટનગર યોજના ભવન સામે, કુડાસણ, સરગાસણ ચાર રસ્તા નજીક, વાવોલ, સેક્ટર-૨૫, સેક્ટર-૨૨, સેક્ટર-૨, સેક્ટર-૪ અને સેક્ટર-૧૪ વગેરે વિસ્તારોમાં ખાતે કરવામાં આવેલા હેપ્પી ચકલી ઘરના વિતરણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હેપ્પી સ્પેરો વીક દરમ્યાન હેપ્પી યુથ કલબ દ્વારા શહેરમાં કેટલાક જાહેર સ્થળો ખાતે આવનાર ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓ ની તરસ છીપાય તે હેતુથી શહેરમાં વિવિધ સ્થળે પક્ષી પરબ (માટીના કુંડા) નું સ્થાપન કરવામાં આવ્યું હતું તેમજ તેમાં નિયમિત જળવ્યવસ્થાપનની કાળજી લેવાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ઉપરાંત હેપ્પી સ્પેરો વીક દરમ્યાન હેપ્પી યુથ કલબ દ્વારા અબોલ પક્ષીઓ માટે કાર્યરત બે સેવાભાવી યુવાનો અમિત ગોંડ અને લાભુભાઈ દેસાઈને ‘ચકલી મિત્ર’ના ગૌરવપ્રદ ઉપનામથી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ ‘હેપ્પી સ્પેરો વિક’ને સફળ બનાવવા હેપ્પી યુથ કલબના સ્વયંસેવકો ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી અને નગરજનો દ્વારા પણ હેપ્પી સ્પેરો વીકને પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો હતો.